# પ્રવચન નં :- ૨૨
# સમયસાર ગાથા-૧૦૦
# તા-૨૮-૯-૮૭

એ આત્માનો સ્વભાવ નથી. કર્તાપણું આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ જ્ઞાતાપણું છે. જ્ઞાતા તો છે પણ કર્તા નથી. હવે કર્તાના બે વિભાગ પાડીને સમજાવે છે, કે જ્ઞાતા કોઈ અપેક્ષાએ કર્તા થાય કે નહીં? નિશ્ચયથી નહીં તો કાંઈ નહીં, વ્યવહારે કર્તા થાય કે નહીં? શરીર, મન, વાણીના હલન ચલન થાય, શબ્દ નીકળે, જીભ હલે, હોઠ ફફડે, કે આઠ પ્રકારના કર્મો બંધાય એમાં જ્ઞાતા સ્વભાવી આત્મા એના કાર્યનો કર્તા છે કે કર્તા નથી? એ બતાવનારી રહસ્યવાળી ગાથા છે.

એમાં અત્યાર સુધીની ગાથાઓમાં તો એ વાત કરી ૯૯ સુધી, કે આ આત્મા છે એ વ્યાપ્ય-વ્યાપકભાવે પરપદાર્થનો કર્તા નથી. વ્યાપ્ય અને વ્યાપક, વ્યાપક એટલે પ્રસરી જાય, પરપદાર્થમાં પ્રસરી જાય, ફેલાય જાય એને વ્યાપક કહેવાય. અને પ્રસરીને પરના કાર્યો કરે એને વ્યાપ્ય એટલે કર્મ કહેવાય. કર્તાનું કર્મ કહેવાય. આત્મા કર્તા બને અને જડકર્મના પરિણામ એ આત્માનું કાર્ય બને એમ તો ત્રણકાળમાં છે નહીં. બેપદાર્થ વચ્ચે વ્યાપ્ય-વ્યાપકભાવનો તો ત્રણેકાળ અભાવ છે. જ્ઞાની હો કે અજ્ઞાની હો. પરદ્રવ્યની સાથે વ્યાપ્ય-વ્યાપકભાવે કર્તા-કર્મ સંબંધ ત્રણકાળમાં ન હોય.

એક દ્રવ્યમાં કથંચિત કર્તા-કર્મ સંબંધ એક દ્રવ્યમાં હોય પણ બે દ્રવ્ય વચ્ચે તો કર્તા-કર્મ સંબંધનો ત્રણેકાળ અભાવ છે. કેમકે જગતના પદાર્થ જો સ્વયં પરિણમે છે તો આત્મા એને પરિણમાવી શકતો નથી, માટે કર્તા નથી. અને જગતના પદાર્થ જો અપરિણામી હોય તોપણ આત્મા એને પરિણમાવી શકે નહીં, માટે આત્મા અકર્તા સિધ્ધ થાય છે. કર્તા બની શકતો નથી. એમ અત્યાર સુધીની ગાથાઓમાં બે દ્રવ્ય વચ્ચે કર્તા-કર્મ સંબંધનો અભાવ દર્શાવ્યો.

હવે બે પદાર્થ વચ્ચે કર્તા-કર્મ સંબંધ ન હોય તો કાંઈ નહીં. પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે નહીં? અને નિમિત્ત-નૈમિત્તિક (સંબંધ)ની અપેક્ષાએ આત્મા નોકર્મ અને કર્મનો કર્તા બને છે કે નહીં? એ મૂળ રહસ્યવાળી ગાથા હવે આ આવે છે. કે **ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે તેને આ આત્મા** એટલે જ્ઞાતાદ્રવ્ય આત્મા જ્ઞાયક વ્યાપ્ય-વ્યાપકભાવે તો કરતો નથી. એટલે એમાં ફેલાઈને, પ્રસરીને પરપદાર્થના કાર્યનો કર્તા થતો નથી. કારણ કે જો આ ચૈતન્યમૂર્તિ આત્મા જડ એવા ઘટાદિક અને જડ એવા જ્ઞાનાદિક કર્મ એમાં પ્રસરી જાય, ફેલાઈ જાય, વ્યાપી જાય તો તો એ પદાર્થના પરિણામને કરે પણ ભગવાનઆત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને છોડીને પરના દ્રવ્ય-

ક્ષેત્ર-કાળ-ભાવમાં જઈ શકતો નથી. એમાં તન્મય થઈ શકતો નથી માટે જ્ઞાતાસ્વભાવી આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવે તો કર્તા કોઈ કાળે બની શકતો નથી.

હવે એક બીજો પ્રશ્ન ઉઠાવે છે, કેમકે કર્તા-કર્મ અધિકાર છે ને? તો વ્યાપ્ય-વ્યાપકભાવે તો કર્તા નથી. પણ આત્મા નિમિત્તકર્તા તો ખરો કે નહીં? કેમકે સંસારી જીવને આઠ પ્રકારના કર્મ બંધાય છે અને નોકર્મના પરિણામ થાય છે ત્યારે એની ઉપસ્થિતિ હાજરી એ વખતે અજ્ઞાની જીવની હોય છે અને અજ્ઞાની જીવમાં એક અહંકાર પેદા થયો છે કે હું આ જગતના પદાર્થના કાર્યને કરનારો છું તો એવી સ્થિતિમાં એ આત્મા નિમિત્તકર્તા બને કે કોઈ નિમિત્તકર્તા બીજું છે.

બહુ સૂક્ષ્મ, સારી, સમજવા જેવી વાત છે. કે કર્મનો બંધ તો અજ્ઞાની જીવને થાય છે. હવે કર્મનો બંધ થાય છે એ કર્મના પરિણામમાં પ્રસરીને, ફેલાઈને, ઘુસીને આત્મા કર્મને કરતો નથી તો ન કરો. કેમ કે તેમાં તન્મય થતો નથી. માટે બે દ્રવ્ય વચ્ચે કર્તા-કર્મ સંબંધ ન હો તો ન હો, એ મંજુર છે. પણ બે પદાર્થ વચ્ચે નિમિત્ત કર્તાપણું તો છે કે નહીં? પરપદાર્થના પરિણામ નૈમિત્તિક થાય અને આત્મા એનો નિમિત્તકર્તા બને કે ન બને?

બાહ્યપદાર્થો, છએ દ્રવ્યો પરિણમે છે અને સંસારી જીવની એ વખતે હાજરી પણ છે અને એનું લક્ષ પણ પરદ્રવ્ય તરફ છે અને હું પરદ્રવ્યને કરું છું એવું અભિમાન પણ છે. એવો જીવ, એવો જીવ એ પરપદાર્થના પરિણમનમાં નિમિત્તકર્તા ખરો કે નહીં? અભિમાન ચડી ગયું છે. કુંભાર છે એ ઘટપટને હું કરું છું, ઘડાને. એવો અભિમાની જીવ લેવો. એ અભિમાની જીવ પણ એનો નિમિત્તકર્તા ખરો કે નહીં? અથવા નિમિત્તકર્તા કોણ છે અને નિમિત્તકર્તા કોણ નથી. એ રહસ્યવાળી વાત સમજાવે છે.

કહે છે, હવે બીજો બોલ. **વળી નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી.** શું કહે છે? કે આ હાથ જે સ્વયં હલે છે એને **વ્યાપ્યવ્યાપકભાવે તો આત્મા કરતો નથી.** પણ હાથ હલે એમાં હલે છે, હલતા હાથમાં, હલાવતો નથી. હલાવનાર તો પુદ્‌ગલ છે. હાથને હલાવનાર આત્મા નથી. એ તો પુદ્‌ગલ છે, એટલે કર્તા તો નથી. પણ હાથ હલે જ્યારે ત્યારે આત્માનું તેમાં નિમિત્તપણું છે કે નહીં? અથવા નિમિત્ત હોય તો કોણ નિમિત્ત છે ને કોણ નિમિત્ત નથી. અજ્ઞાની જીવ લેવો. હાથ હલે છે ને હલાવી શકું છું એવું અભિમાન કરે છે.

એ વખતે હલતા હાથમાં નિમિત્તકર્તાનો આરોપ કોના ઉપર આવે છે? આત્મા ઉપર આવે છે કે એના યોગ, ઉપયોગ ઉપર નિમિત્તકર્તાનો આરોપ આવે છે એ રહસ્યવાળી વાત છે. **વળી નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી.** તેને એટલે ઘટપટાદિ અને ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય એને કરતો નથી. કારણ કે જો એમ કરે તો આત્મા એટલે જ્ઞાતાદ્રવ્ય નિમિત્તકર્તા થાય તો, જ્ઞાયકભાવ જ્ઞાનમય આત્મા નિમિત્તકર્તા થાય તો, આત્મા એટલે જ્ઞાયક. આત્મા એટલે રાગ નહીં. ઈચ્છા એ આત્મા નહીં.

પણ આત્મા એટલે જ્ઞાતા, જ્ઞાયક ભગવાન જ્ઞાનમય આત્મા એ પરપદાર્થ પરિણમે ત્યારે એમાં નિમિત્તકર્તા થાય કે નહીં? કેમ કે નૈમિત્તિક છે, તો નિમિત્ત તો કોઈક હોવું જોઈએ. તો એમાં નિમિત્તપણું કોનું છે? કુંભાર ઘડો કરે છે એમ કહેવામાં આવ્યું. અભિમાની જીવ ઉપર આરોપ આવ્યો. તો હવે એ કુંભાર જે છે, કુંભારનો જીવ એ ઘડાની અવસ્થામાં એનો જીવ વ્યાપ્ય-વ્યાપકભાવે તો કરતો નથી. જો એ એમાં ફેલાઈ જાય, જ્ઞાનમયઆત્મા. કુંભારનો આત્મા, હોં!

એમાં પ્રસરી જાય, ફેલાઈ જાય તો તો આત્માનો નાશ થઈ જાય. જડમાં ફેલાઈ જાય, જડમાં પ્રસરી જાય, કાપડના તાકામાં એ ફેલાઈ જાય તો તો કાપડની ઘડી કરી શકે. પણ કાપડની ઘડી તો કરતો નથી. કેમ કે ન્યાય આપ્યો. કેમ કે જ્ઞાનમયઆત્મા કાપડ એવા જડમયભાવમાં એનો પ્રવેશ થઈ શકતો નથી. માટે તેને વ્યાપ્ય-વ્યાપકભાવે કર્તા આત્મા બને અને ઘડી થાય એ એનું કાર્ય બને એમ તો છે નહીં. એમ તો ત્રણકાળમાં નથી. અજ્ઞાનીને પણ કર્તા-કર્મ લાગુ પડતો નથી.

ઉપાદાનપણે કર્તા નથી પણ નિમિત્તકર્તા આત્મા ખરો કે નહીં? ઉપાદાનપણે કરે તો તો જીવ અજીવપણાને પામે અથવા નિશ્ચયનયે કરે તો તો જીવ અજીવપણાને પામે. હવે નિમિત્ત કર્તા ખરો કે નહીં? અથવા વ્યવહારે કરે કે નહીં? કાપડના તાકા વ્યવહારનયે આત્મા ફેરવે કે નહીં? નિશ્ચયનયે ન ફેરવે તો કાંઈ નહીં. કેમ કે તમે બધા નિશ્ચયવાદીઓ છો એટલે તમે કર્તા નહીં કહો પણ અમારો પ્રશ્ન છે કે વ્યવહારે તો એ કાપડના તાકા ફેરવે છે કે નહીં? સાડીને આમ ફેરવે કે નહીં? સંકેલે કે નહીં? ઘરાકને બતાવે કે નહીં? એમાં આત્માનું નિમિત્તપણું ખરું કે નહીં? કે એમાં આત્મા નિમિત્ત નથી. ત્યારે કોઈક નિમિત્ત છે કે નહીં? કે હા, એ કોણ નિમિત્ત છે? એ તને હું બતાવું છું. સાંભળ!

આત્મા નિમિત્ત નથી પણ આત્માને ભૂલેલો હોય એવો અજ્ઞાની આત્મા અને એની દશામાં જે કરવાનો વિકલ્પ ઊઠે છે અને પ્રદેશનું કંપન છે વિભાવ. પ્રદેશનું કંપન યોગનું. આહા! એ જે અંશ છે એ એમાં નિમિત્તકર્તા છે પણ ભગવાનઆત્મા નિમિત્તકર્તા નથી. એ આત્મા જુદો છે અને ઈચ્છા, વિકલ્પ એ જુદી ચીજ છે. બે થઈને એક નથી. એનો ન્યાય આપશે. કે શા માટે નિમિત્તકર્તા નથી? એનું કારણ આપશે. ઓમાં તન્મય થાય તો તો આત્માનો નાશ થઈ જાય. માટે આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવે ઉપાદાનપણે નિશ્ચયનયે કર્તા નથી. એ કલોઝ કર્યો.

હવે બીજું ચેપ્ટર ઊભું કર્યું. કે આ જે દેવલાલીના મકાનો, બંગલાઓ, મંદિર થાય અને તેમાં રાવજીભાઈ જોવા જાય તો રાવજીભાઈનો આત્મા તેમાં નિમિત્ત ખરો કે નહીં? કે રાવજીભાઈનો આત્મા તેમાં નિમિત્ત થતો નથી. રાવજીભાઈ કહે મારો આત્મા નિમિત્ત ન થાય પણ મુકુંદભાઈનો આત્મા ભલે નિમિત્ત થાય. કહે મુકુંદભાઈનો આત્મા પણ નિમિત્ત થતો નથી. કોઈનો આત્મા અત્યાર સુધી પરપદાર્થના પરિણમનમાં આત્માનું નિમિત્તપણું લાગું પડતું નથી.

કેમ કે આત્મા જ્ઞાતાદ્રવ્ય છે. આંખ છે ચક્ષુ, ચક્ષુ. એ વ્યાપ્ય-વ્યાપકભાવે તો કોઈને કરે નહીં. કેમ કે દશ્ય પદાર્થને દૂર રહીને દેખે. પણ દશ્ય પદાર્થ જે છે એ પરિણમે એમાં આંખનું નિમિત્તકર્તાપણું ખરું કે નહીં? તો કહે બિલકુલ નહીં. કેમ કે ચક્ષુમાં માત્ર દેખવું છે. ચક્ષુમાં ઉપાદાન કર્તા પણ નથી અને નિશ્ચયથી કર્તા નથી, નિમિત્તે પણ કર્તા નથી અને વ્યવહારે પણ કર્તા નથી. ચાર પ્રકારે અકર્તા ચક્ષુ છે.

એમ આ જ્ઞાતા ભગવાનઆત્મા અંદર બિરાજમાન છે જ્ઞાનમયઆત્મા. બધાની પાસે છે. હવે એ અનાદિકાળથી હું કર્તા છું એમ માને. એવી માન્યતા ઊભી કરી કે હું કર્તા છું. તો કર્તા છું એમ માને તો એ નિમિત્તકર્તા થાય કે નહીં? કર્તા છું એમ માનનારો જીવ એમાં નિમિત્તકર્તા થાય કે બીજું કોઈ નિમિત્તકર્તા છે એ વખતે? એકદમ સૂક્ષ્મ વાત છે. રહસ્યવાળી વાત છે. ભેદજ્ઞાન છે અંદરનું. યોગ-ઉપયોગ અને આત્મા એ બેય જુદી જુદી ચીજ છે. યોગ-ઉપયોગ નિમિત્ત થાય એટલે ઈચ્છા એની ઈચ્છા થઈ કે ઘડાને કરું. એ ઈચ્છા નિમિત્ત થાય છે પણ ઈચ્છાથી ભિન્ન કુંભાર દ્રવ્ય આત્મા છે જ્ઞાનાનંદ પરમાત્મા એ એમાં નિમિત્ત થતો નથી. હું નિમિત્ત નથી. આહાહા! હું નિમિત્તકર્તા નથી.

હવે જો આત્મા એમ માને કે હું નિમિત્તકર્તા છું તો નિત્યકર્તાનો દોષ આવશે. અને હું કર્તા નથી એક સમયનો અજ્ઞાનભાવ (એટલે) ઈચ્છા એ એમાં નિમિત્ત થાય છે. હું નિમિત્ત નથી તો ભેદજ્ઞાન થઈ ને જ્ઞાની બની જાય છે. ઓલું નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ તેને, તેને એટલે પરપદાર્થના કાર્યોને કરતો નથી. આત્મા નિમિત્તકર્તા નથી. આહા! નિશ્ચયે ન કરું તો કાંઈ નહીં પણ વ્યવહારે તો કરું કે નહીં બીજાના કામ? કે ના. વ્યવહારે એનો કરનાર નથી વ્યવહારે એનો જાણનાર છે. તું જ્ઞાતા છો. કરનાર કયાં છો?

**નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી. કારણ કે જો એમ કરે તો,** નિમિત્તકર્તા **હોય તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.** આત્મા જયાં જયાં કાર્યો થાય એમાં એની હાજરી, નિમિત્તકર્તાની હાજરી રહેવી જ જોઈએ તો કોઈ કાળે તે આત્માનો મોક્ષ ન થાય. નિમિત્તકર્તા હોય તો એ સંસારમાં જ રખડયા કરે. ત્યારે નિમિત્તકર્તા કોણ છે? કે આત્મા નથી પણ આસ્રવ નિમિત્તકર્તા છે. જીવતત્ત્વ નિમિત્તકર્તા નથી પણ એક આસ્રવતત્ત્વ અભિમાન ઊભું કર્યું, ઈચ્છા, યોગ અને ઉપયોગ. ઈચ્છા નિમિત્ત છે અને ઈચ્છાથી આત્મા ભિન્ન છે. માટે આત્મા નિમિત્ત નથી ઈચ્છા નિમિત્ત છે.

મુમુક્ષુ :- કંપન થાય છે એ...

ઉત્તર :- કંપન નિમિત્ત છે, કંપન નિમિત્ત છે. પણ જે અકંપસ્વભાવી ભગવાનઆત્મા છે તે નિમિત્ત નથી. કંપન તો દોષ છે. દોષ પરમાં નિમિત્ત થાય છે. નિર્દોષ પરમાત્મા નિમિત્ત થતો નથી. યોગ અને ઉપયોગ. ઉપયોગ એટલે ઈચ્છા, રાગમિશ્રિત ઉપયોગ અને પ્રદેશનું કંપન એ જે બે અંશ છે ને એ નિમિત્તકર્તા છે પણ એ બે અંશ નિમિત્ત થાય છે ત્યારે ભગવાનઆત્મા તેમાં નિમિત્ત થતો નથી. કેમ કે આત્માને ને યોગ-ઉપયોગને જુદાઈ છે.

આત્મા ને યોગ-ઉપયોગ જો એક થઇ ગયા હોય તો તો આત્મા નિમિત્ત થઇ જાય. પણ આત્માનું નિમિત્તપણું નથી અને ઇચ્છાનું નિમિત્તપણું એમાં છે. હવે જો એમ વિચાર કરે કે હું નિમિત્ત નથી, આહાહા! હું તો જ્ઞાતા છું. તો ઓલું જે અભિમાન હતું ને ઇચ્છા એનો અભાવ થઇને વીતરાગભાવ પ્રગટ થાય. જ્ઞાતા થઇ જાય સાક્ષાત. અભિમાન, જે અંશ અનિત્ય યોગ-ઉપયોગ જો. નિત્યકર્તાપણાનો પ્રસંગ આવે.

હવે ત્યારે નિમિત્ત કોણ છે? આત્મા નિમિત્ત નથી. આત્મા અને આ પ્રદેશનું કંપન એ એક ચીજ નથી. બેય ચીજ જુદી જુદી છે. પ્રદેશનું એ કંપન છે એ જુદી ચીજ છે. એ દોષ છે, આસ્રવ છે. કર્મને આવાગમનમાં એ નિમિત્ત કારણ છે. યોગથી આસ્રવ અને કષાયથી બંધ, યોગથી આસ્રવ અને કષાયથી બંધ. એ યોગ કંપન થાય છે એનાથી કર્મ રજકણ આવે છે. અને જેટલી માત્રામાં એ કષાયથી યુકત હોય એટલી માત્રામાં કર્મનો બંધ થાય છે. તો કર્મના બંધમાં કષાય નિમિત્ત છે અને કર્મના આવવામાં પ્રદેશનું કંપન નિમિત્ત છે પણ એનાથી ભિન્ન આત્મા જ્ઞાતાદ્રવ્ય નિમિત્ત નથી.

એક અંશ નિમિત્ત થાય છે ત્યારે બીજો અંશ નિમિત્ત થતો નથી. જો એક અંશ નિમિત્ત થાય ને બીજો અંશ પણ નિમિત્ત થાય તો નિત્ય નિમિત્તકર્તાનો દોષ આવતાં કદી પણ કોઇને સમ્યગ્દર્શન પણ ન થાય ને સિદ્ધ અવસ્થા પણ ન થાય. જગતના કાર્યો થયા કરે અને એમાં એની હાજરી રહ્યા કરે, અભિમાન કર્યા કરે, કોઇ દિ' સમ્યગ્દર્શન ન થાય. મંદિરો બંધાવે એમાં નિમિત્ત ખરો કે નહીં આત્મા? કે આત્મા એમાં નિમિત્ત નથી ગાળ દેશોમાં અમને. ત્યારે કોઇ નિમિત્ત છે કે નહીં? કે અજ્ઞાનીનો યોગ-ઉપયોગ નિમિત્ત છે.

અજ્ઞાનીનો યોગ-ઉપયોગ નિમિત્ત છે પણ અજ્ઞાનીનો જે જ્ઞાયકભાવ છે અજ્ઞાનથી ભિન્ન જીવતત્ત્વ, જીવતત્ત્વ નિમિત્ત નથી. આસ્રવતત્ત્વ નિમિત્ત છે. એ પણ આસ્રવતત્ત્વ એક સમય પૂરતો નિમિત્ત છે. બીજા સમયે હું નિમિત્ત નથી તો આસ્રવની જગ્યાએ સંવર થઇ જાય છે. આ ગાથા છે ને બહુ રહસ્યવાળી છે. એકદમ ઊંડાણવાળી છે. **અર્થાત્ સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો પ્રસંગ આવે,** માટે આત્મા નિમિત્તકર્તા નથી. ધ્યાન રાખજો. આત્મા-આત્મા એટલે જ્ઞાનમયઆત્મા, જ્ઞાયકઆત્મા, જીવતત્ત્વ. જીવતત્ત્વ નિમિત્તકર્તા નથી. જીવતત્ત્વ ભિન્ન છે અને રાગતત્ત્વ ભિન્ન છે. રાગ કર્મના બંધમાં નિમિત્ત થાય પણ આત્મા નિમિત્ત ન થાય.

મુમુક્ષુ :- તે જ સમયે.

ઉત્તર :- એક જ સમયે જે રાગ ઉત્પન્ન થાય છે તે કર્મબંધનું નિમિત્તકારણ કહેવામાં આવે છે. પણ રાગ જે આસ્રવતત્ત્વ છે તેનાથી ભિન્ન જે જ્ઞાયકતત્ત્વ છે તે નિમિત્ત નથી. જીવતત્ત્વ નિમિત્ત નથી. જો જીવતત્ત્વ નિમિત્ત પડે તો નિત્યકર્તાપણાનો દોષ (આવે). નિમિત્તકર્તા રહ્યા કરે અને કોઇ દિ' કોઇને

ધર્મની પ્રવૃત્તિ થાય નહીં. માટે આત્મા જ્ઞાતા છે. ત્રણેકાળ જ્ઞાતા છે. એક સમય પણ ઉપાદાન કર્તા નથી અને એક સમય પણ નિમિત્તકર્તા નથી. એક સમય નિશ્ચયથી કર્તા નથી. એક સમય પણ વ્યવહારે કર્મબંધ કર્તા નથી. વ્યવહારનયે પણ કર્મનો કર્તા નથી. તો વ્યવહારનયે કર્તા કોણ છે? કે યોગ-ઉપયોગ. કેમ કે બે દ્રવ્ય ભિન્ન છે માટે આને વ્યવહાર કહ્યો.

ઉપાદાનપણે તો કર્મ કર્મને કરે છે. એને પણ નિમિત્તકર્તા ઈચ્છા છે. પણ નિમિત્તકર્તા ભગવાનઆત્મા જાણનાર-દેખનાર આત્મા તેમાં નિમિત્ત થતો નથી. એટલી જુદાઈ તો અજ્ઞાની જીવની દશામાં રહી ગઈ છે. આહા! હવે ત્યારે કોણ નિમિત્ત છે? આત્મા નિમિત્ત નથી એમ કહ્યું. ત્યારે નિમિત્ત કોઈ છે કે નહીં? કર્મ બંધાય-આઠ કર્મ બંધાય છે. કે બંધાય છે? કે હા, ગોમ્મટસારને માનો છો? કે હા, કે આત્મા બાંધે છે? કે ના. આઠ કર્મ બંધાય છે? કે હા, આત્મા એને બાંધે છે? હા કે ના. કે ના.

કર્મો બંધાય અને આત્મા એને બાંધે નહીં એ એક ખૂબીની વાત છે. કર્મ બંધાય. જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડીના કર્મ બંધાય. કે કર્મ બંધાય તમે એને માનો છો? સોનગઢવાળા કર્મના બંધને? કે હા. ગોમ્મટસારને માનો છો? કે હા. તો પછી કર્મ બાંધે છે એ જીવ બાંધે છે. કે ના. તને જીવની ખબર નથી. તું જીવને જાણતો નથી. જીવ તો જ્ઞાનમય છે, પરમાત્મા છે. પરમાત્મા કર્મના બંધમાં નિમિત્તકારણ થાય તો અમે એને પરમાત્મા કહેતા નથી. તો ઉપાદેયતત્ત્વ ક્યાં ગયું? તો કોના આશ્રયે યોગ-ઉપયોગનો અભાવ કરશે? જો પરમાત્મા નિમિત્ત થાય તો. નિમિત્ત થાય એ અશુધ્ધતા હોય એ જ નિમિત્ત થાય.

આત્મા તો શુધ્ધ ત્રણેકાળ છે માટે નિમિત્તકર્તા નથી. ત્રણેકાળે આત્મા શુધ્ધ છે. અજ્ઞાનીનો આત્મા-આત્મા શુધ્ધ છે. ત્યારે અશુધ્ધતત્ત્વ કોણ છે? કે આત્મા નથી.આસ્રવતત્ત્વ મલિન છે. કે તમે મલિનતા અને અશુધ્ધતામાં માનો છો? તો કે હા. તો આત્મા અશુધ્ધ છે? કે ના. તો અશુધ્ધ કોણ છે? કે આસ્રવ. અને એ આસ્રવથી આત્મા ભિન્ન છે. તેથી આત્મા નિમિત્તકર્તા નથી. એકદમ ઊંડાણની વાત છે.

હવે ત્યારે નિમિત્ત કોણ છે? કર્મ બંધાય એમાં નિમિત્ત તો બતાવો. એક કાર્યમાં બે કારણ જોઈએ. એક ઉપાદાન કારણ, કર્મ તે ઉપાદાન કારણ. એમાં નિમિત્ત કારણ કોણ? કે અજ્ઞાનીનો આત્મા? કે નહીં. અજ્ઞાનાંશ નિમિત્ત છે. અજ્ઞાનીનો આત્મા નિમિત્ત નથી. આત્મા ભિન્ન છે અને આસ્રવ ભિન્ન છે. ભલે એ ન માને. ભલે એકત્વ માને પણ એકત્વ થયું નથી. જ્ઞાનગુણ અને મિથ્યાત્વની ચિકાશ એ બે વચ્ચે એકત્વ થતું નથી. આહાહા! અરે! જ્ઞાનની પર્યાયમાં એકત્વ થતું નથી તો જ્ઞાયકની સાથે રાગને એકત્વ ક્યાંથી થાય, પ્રભુ! આહાહા! ત્યારે કોણ નિમિત્ત છે?

હવે નિમિત્ત સિધ્ધ કરે છે. નિમિત્ત છે? નિમિત્તને માનો છો, સોનગઢવાળા? કે હા. નિમિત્ત

કોણ? કર્મ બંધાય. કર્મ બંધાય છે એને માનો છો? કે હા. આત્મા બાંધે છે? કે ના. તો આત્મા બાંધતો નથી ને એની મેળે બંધાય જાય? કે હા. તો એની મેળે બંધાય એ તો એની અવસ્થાથી બંધાય છે. પણ એમાં નિમિત્ત કોણ છે? તમે નિમિત્તને માનો છો કે નહીં? અમે નિમિત્તને માનીએ છીએ. નિમિત્તને નિમિત્તપણે ન માને એ જૈન નથી. નિમિત્તને નિમિત્તપણે ન જાણે તો જૈન નથી. અને આત્માને નિમિત્ત માને તો જૈન નથી. ભેદજ્ઞાન અંદરનું ભેદજ્ઞાન છે આ.

મુમુક્ષુ :- આસ્રવ ને જીવની વચ્ચેનું ભેદજ્ઞાન.

ઉત્તર :- વચ્ચેનું ભેદજ્ઞાન.

ત્યારે કોણ નિમિત્ત છે? આચાર્યભગવાન! આહા! જંગલમાં રહીને, ભાવલિંગી સંત, અતીન્દ્રિય આનંદનું ભોજન કરનારા. તાડપત્ર ઉપર કલમ ચલાવે છે કે તારે નિમિત્તનું જ્ઞાન કરવું છે ને? તો ધ્યાન રાખજે. તું તો નિમિત્ત નથી. તું તો નિમિત્ત નથી. હું નિમિત્ત છું એ તો વાત જ કાઢી નાખજે. પણ બીજો અંશ કોઈક નિમિત્ત છે એનું તને જ્ઞાન કરાવવું છે. એનો અભાવ કરવા માટે, એનો અભાવ કરવા માટે નિમિત્તનું જ્ઞાન કરાવવું છે. નિમિત્ત રાખવા માટે નહીં. હવે નિમિત્તનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત માનો છો તમે? કે હા. નૈમિત્તિક જયાં હોય ત્યાં કોઈક ને કોઈક નિમિત્ત હોય. તો એ નિમિત્ત કોણ છે, આત્મા નિમિત્ત નથી તો કોણ નિમિત્ત છે? એની વ્યાખ્યા કરે છે.

**અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થામાં વ્યાપ્તા નથી એવા)** અનિત્ય યોગ અને ઉપયોગ જ. આત્મા નહીં, આત્મા નહીં. **યોગ અને ઉપયોગ જ.** યોગનો પણ અર્થ કરશે, ઉપયોગનો પણ અર્થ કરે છે. **યોગ અને ઉપયોગ જ. નિમિત્તપણે તેના એટલે પરદ્રવ્યસ્વરૂપ કર્મના કર્તા છે.** નોકર્મ અને દ્રવ્યકર્મ, એ બેયના નિમિત્તકર્તા કોણ છે? કે એક સમયનો યોગ અને ઉપયોગ જે અશુધ્ધતા, જે કષાય યુકત પ્રદેશનું કંપન સકષાયયોગ, એક સકષાયયોગ અને એક અકષાયયોગ.

તેરમા ગુણસ્થાને અકષાયયોગ છે અને દસમા ગુણસ્થાન સુધી સકષાયયોગ એટલે કષાય પણ છે સાથે અને પ્રદેશનું કંપન પણ છે. પણ કષાય નીકળી ગયો. કષાયનો અભાવ થઈ ગયો બારમા ગુણસ્થાને. યથાખ્યાત ચારિત્ર થઈ ગયું. પછી તેરમા ગુણસ્થાને પરમાત્મા અરિહંત થઈ ગયા તો કષાય તો નથી પણ યોગ એટલે કંપન છે. પ્રદેશનું કંપન છે. અકંપદશા થઈ નથી. એ તો ચૌદમે અકંપદશા થાય અને સિધ્ધમાં પણ અકંપ, તેરમા સુધી કંપન છે યોગ.

હવે કહે છે, કે એવા યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે. નિમિત્તનો સ્વીકાર કર્યો કે નિમિત્તકર્તા છે. પણ આત્મા નિમિત્તકર્તા નથી. તો એ યોગ-ઉપયોગ આત્માના છે કે કોના છે? કે આત્માના નથી. તો યોગ-ઉપયોગ કોના છે કે પુદ્ગલના પરિણામ છે, લે. આહાહા! યોગ-ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે. આગળ. **રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ પોતાના વિકલ્પને,**

એ ઉપયોગનો અર્થ કર્યો. ઉપયોગ એટલે રાગમિશ્રિત જ્ઞાનનો વ્યાપાર. ઈચ્છાયુકત. ઈચ્છા-આને કરું, આમ કરું, આમ કરું એવી ઈચ્છા ઉત્પન્ન થાય ને? એવી ઈચ્છા ઉત્પન્ન થાય એ ઈચ્છા સહિતનો જે ઉપયોગ તેને અહીંયા અશુદ્ધઉપયોગ કહેવામાં આવે છે. એ અશુદ્ધઉપયોગ થયો. કહે છે કે ઉપયોગ એટલે જે **પોતાના વિકલ્પને,** એક, **અને** હવે પ્રદેશની વાત કરે છે. **અને આત્માના પ્રદેશોના ચલનરૂપ પોતાના વ્યાપારને,** એટલે પ્રદેશના કંપનને, પોતાના વિકલ્પને અને પ્રદેશના કંપનને **કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી,** શું કહ્યું? કદાચિત્, કથંચિત્ નહીં. કદાચિત્ એટલે કોઈ વખતે. કોઈ વખતે એટલે સ્વભાવનું ભાન ભૂલે ત્યારે, સ્વભાવમાં ન રહે (અને) સ્વભાવનું ભાન ભૂલે, હું જ્ઞાતા છું એમ ન માને અને હું કર્તા છું એમ માની બેસે ત્યારે.

**કદાચિત્** એટલે કોઈ વખતે **અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા (કદાચિત્) ભલે હો,** હવે આત્મા કર્તા છે એટલે શું? યોગ અને ઉપયોગનો આત્મા કદાચિત્ અજ્ઞાનભાવથી કર્તા છે એટલે શું? કે વિશેષ અપેક્ષાએ કર્તા બન્યો છે. સામાન્ય અપેક્ષાએ અકર્તા રહીને વિશેષ અપેક્ષાએ કર્તા થયો છે. સામાન્ય અપેક્ષાએ જો આત્મા યોગ-ઉપયોગનો એક સમયમાત્ર જો કર્તા બની જાય તો, અકર્તાનો અભાવ થઈ જાય તો અકર્તાનો અભાવ થાય તો કોઈ કાળે એ અકર્તા પર્યાયમાં બની શકે જ નહીં. દ્રવ્ય જો કર્તા બને તો પર્યાયમાં અકર્તાપણું પ્રગટે નહીં. પણ દ્રવ્ય અકર્તા ત્રણેકાળ રહે છે માટે પર્યાયમાં અકર્તાપણું પ્રગટ થાય છે.

સામાન્યમાં અકર્તાપણું છે એટલે વિશેષમાં રાગનું અકર્તાપણું જ્યારે જ્ઞાની થાય ત્યારે વિશેષ અપેક્ષાએ અકર્તા થઈ જાય છે. આ દેવલાલીમાં તમે બનાવો છો, નિવૃત્તિ લઈને આ રહેવા જેવું અહીંયા છે ભવિષ્યમાં. આહા! ભવિષ્યમાં. આ એક ગાથા છે ને એક એનું જો બરાબર અધ્યયન કરે તો કામ થઈ જાય. આના ઉપરના ગુરુદેવના વ્યાખ્યાન છપાઈ ગયા છે પ્રવચનરત્નાકરમાં. એમાં પણ ઘણા ખુલાસા ગુરુદેવે કરેલાં છે. આહા!

એ યોગ અને ઉપયોગ જે પ્રગટ થયો, એ કહે છે કે એનો કર્તા કોણ? આત્મા નિમિત્તકર્તા નથી ભલે. પણ યોગ-ઉપયોગ નિમિત્તકર્તા છે તો યોગ-ઉપયોગનો કર્તા બતાવો. ખ્યાલ આવ્યો? ફરીથી. કે પરપદાર્થ પરિણમે છે એમાં ભગવાનઆત્મા તો નિમિત્તકર્તા નથી. ભલે નિમિત્તકર્તા નથી મને મંજુર છે. તો નિમિત્તકર્તા કોણ છે કે યોગ-ઉપયોગ નિમિત્તકર્તા છે. હવે યોગ-ઉપયોગ નિમિત્તકર્તા છે તો એનો કર્તા કોણ છે? જો યોગ-ઉપયોગ પરપદાર્થનો નિમિત્તકર્તા છે. તો યોગ-ઉપયોગ જે પરિણામ થયા એને કોણ કરે છે? કે કદાચિત્ કોઈ વખતે ભેદજ્ઞાનનો અભાવ છે, અભિમાન ચડી ગયું છે કે હું કરું છું એવી મિથ્યાબુદ્ધિ છે ત્યાં સુધી તે અજ્ઞાનથી તે યોગ-ઉપયોગનો એક સમય પૂરતો વિશેષ અપેક્ષાએ કર્તા બન્યો છે. સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાયકભાવ એવો ને એવો રહ્યો છે.

મુમુક્ષુ :- અને પર્યાયનો કર્તા પર્યાય છે.

ઉત્તર :- પર્યાયનો કર્તા પર્યાય છે. ત્રિકાળીદ્રવ્ય કર્તા નથી. આહાહા! ક્ષણિકઉપાદાન કર્તા છે અને ત્રિકાળીઉપાદાન કર્તા નથી. આહાહા! એટલી તો જુદાઇ અજ્ઞાની જીવને અજ્ઞાનઅંશને જ્ઞાયકઅંશ સાથે એકત્વ થયું નથી. અજ્ઞાન ભલે મિથ્યાત્વના પરિણામ ઉત્પન્ન થયા છે અનાદિથી. પણ મિથ્યાત્વના આસ્રવને અને જીવતત્ત્વને એકપણું થયું નથી. ભિન્નતા અંદરમાં રહી ગઇ છે. એ રાગાદિરૂપે પરિણમે છે. પણ એ પરિણામના કારણપણે પરિણમતો નથી.

મુમુક્ષુ :- પરિણામના કારણપણે પરિણમતો નથી.

ઉત્તર :- હં.. રાગરૂપે પરિણમે પણ રાગનું કારણ આત્મા નથી થતો. જો રાગનું કારણ આત્મા થાય તો રાગ થયા કરે. કોઇ દિ' વીતરાગભાવ પ્રગટ નહીં થાય. એકદમ આજની આ ટેઇપ છે ને ઊંચા પ્રકારની છે. આ ઉતરે છે. એ તો નિમિત્તકર્તા નથી અને અજ્ઞાનીનો યોગ-ઉપયોગ કદાચિત્ નિમિત્તકર્તા છે તો એ નિમિત્તકર્તા છે તો યોગ-ઉપયોગનો કર્તા કોણ છે? યોગ-ઉપયોગ તો થઇ ગયો તો યોગ-ઉપયોગનો કર્તા કોણ? કે અનાદિથી પોતાને ભેદજ્ઞાનનો અભાવ છે, રાગને પોતાનો માને છે એવો અજ્ઞાની જીવનો કદાચિત્ કોઇ વખતે યોગ અને ઉપયોગનો એ કર્તા છે પણ એ કર્તા થાય છે એ કર્તા થાય છે ત્યાં સુધી નિમિત્તકર્તા છે. વિશેષઅપેક્ષાએ યોગ-ઉપયોગનો કર્તા થાય છે ત્યાં સુધી એ યોગ-ઉપયોગ નિમિત્તકર્તા છે પણ એ સમયે ભગવાનઆત્મા અકર્તા છે.

યોગ-ઉપયોગનો જો એ નિશ્ચયથી કર્તા બની જાય, રાગનો આત્મા નિશ્ચયથી કર્તા બની જાય તો તો રાગ થયા જ કરે. માટે નિશ્ચયથી કર્તા નથી પણ વ્યવહારે કર્તા છે. વ્યવહારે કર્તા છે એટલે પર્યાયનો કર્તા પર્યાય છે પણ ત્રિકાળીદ્રવ્ય (કર્તા) નથી. અશુધ્ધ ક્ષણિક ઉપાદાન કર્તા છે પણ ત્રિકાળી શુધ્ધ ઉપાદાન કર્તા નથી. એવું રહી ગયું છે તેથી કહે છે કે અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી અને યોગ અને ઉપયોગનો તો આત્મા કર્તા નથી. આહા! પણ કર્તા ભલે હો. કદાચિત્ ભલે હો, એક સમય પૂરતો.

શું કહે છે? કે યોગ-ઉપયોગનો વિશેષઅપેક્ષાએ ભલે કર્તા થયો હોય પણ એ ભગવાનઆત્મા તો નિમિત્તકર્તા થતો જ નથી. એ વખતે. એ તો જ્ઞાયકભાવ એમ ને એમ અવસ્થિત રહેલો છે. એ જ્ઞાયકભાવ આ યોગ-ઉપયોગને કરતો નથી. અને જ્ઞાયકભાવ ઓનો નિમિત્તકર્તા નથી. ઓનો નિમિત્તકર્તા યોગ-ઉપયોગ છે અને યોગ-ઉપયોગનો કર્તા વિશેષઅપેક્ષાએ અજ્ઞાની જીવ બને છે.

**ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો નિમિત્તપણે પણ કદી નથી.** શબ્દ વાપર્યો છે કદી. કોઇ કાળે પણ ભગવાનઆત્મા કર્મના બંધમાં નિમિત્તકર્તા થાય તો તો કર્મ બંધાયા જ કરે. તો તો કર્મથી કોઇ દિ' છૂટે નહીં. પરંપરા ચાલ્યા જ કરે. કર્મની નિર્જરા જ ન થાય. કર્મની નિર્જરા ન થાય જો આત્મા એનો કર્તા હોય તો. નિમિત્તપણે કર્તા હોય તો. પણ નિમિત્તકર્તાપણું તો અશુધ્ધતાને લાગુ

પડે છે. શુધ્ધાત્માને નિમિત્તકર્તાપણું લાગુ પડતું નથી. એટલે કે યોગ-ઉપયોગનો કર્તા કદાચિત્ કોઈ વખતે, અજ્ઞાનભાવે વિશેષઅપેક્ષાએ કર્તા બને છે એક સમય પૂરતો, બસ.

મુમુક્ષુ :- વિશેષઅપેક્ષાએ.

ઉત્તર :- વિશેષઅપેક્ષાએ પર્યાય પર્યાયને કરે છે. અશુધ્ધઉપાદાનમાં કર્તૃત્વ આવ્યું છે પણ શુધ્ધઉપાદાનમાં કર્તૃત્વ નથી આવ્યું. કેમ કે એ તો અકર્તા રહી ગયો છે. એક અંશ અકર્તા અને બીજો અંશ કર્તા. બહુ સૂક્ષ્મ ગાથા છે.

મુમુક્ષુ :- પર્યાયનો કર્તા પર્યાય છે અને તે પર્યાય નિમિત્તકર્તા છે.

ઉત્તર :- (પર્યાય) નિમિત્તકર્તા છે. પણ ભગવાનઆત્મા તો નિમિત્તકર્તા પણ નથી અને યોગ-ઉપયોગનો ઉપાદાન કર્તા પણ નથી. યોગ-ઉપયોગનો ઉપાદાન કર્તા આત્મા નથી. ઉપાદાન કર્તા ક્ષણિકઉપાદાન એનો કર્તા છે. પર્યાયનો કર્તા એના ષટ્કારકથી પર્યાયમાં રાગાદિ ઉત્પન્ન થાય છે. ભગવાનઆત્મા એનો ઉત્પાદક નથી. **કર્મનો કર્તા તો (નિમિત્તપણે પણ કદી) નથી.** રાત્રે ચર્ચા વિશેષ કરવી.

**ભાવાર્થ :- યોગ એટલે,** હવે યોગનો અર્થ કરે છે. **યોગ એટલે (મન-વચન-કાયના નિમિત્તવાળું) આત્મપ્રદેશોનું ચલન,** કંપન. યોગ એટલે આત્માના પ્રદેશનું આમ જે કંપન થાય છે ને એમાં આ મન, વચન અને કાયા એમાં નિમિત્તકારણ છે અને યોગનું કંપન તે નૈમિત્તિક છે. એ નૈમિત્તિક છે તે વિભાવભાવ છે અને નિમિત્ત તો નિમિત્તપણે છે. કંપન થાય છે એ વિભાવ છે. કંપન થવું એ સ્વભાવ નથી. જો સ્વભાવ હોય તો સિધ્ધમાં પણ કંપન થવું જોઈએ પણ કંપન તો થતું નથી. માટે કંપન છે તે વિભાવ છે. વિભાવ છે તેથી નૈમિત્તિક છે. નૈમિત્તિકમાં નિમિત્ત કોણ છે તો કહે મન-વચન-કાયાનો યોગ એ નિમિત્ત છે. આહાહા! અને અંદરમાં નિમિત્તકર્મ કોણ છે? કે નામકર્મની પ્રકૃત્તિ એમાં નિમિત્ત છે. એક નોકર્મ નિમિત્ત અને એક કર્મ નિમિત્ત. નોકર્મમાં મન-વચન-કાયા એ નિમિત્ત અને અંદરમાં જે નામકર્મની ૯૩ પ્રકૃત્તિ છે, જે મન-વચન-કાયા (છે) એમાં થાય છે. એ નિમિત્ત છે.

**યોગ એટલે (મન-વચન-કાયના નિમિત્તવાળું) આત્મપ્રદેશોનું ચલન,** કંપન. અને હવે ઉપયોગ. **ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુકત થવું-જોડાવું,** કષાયમાં ઉપયોગ જોડાય જાય છે. રાગમાં ઉપયોગ જ્ઞાન જોડાય જાય છે. આહા! હું રાગી, હું રાગી, હું રાગી, હું ક્રોધી, એમ. **આ યોગ અને ઉપયોગને ઘટાદિક તથા ક્રોધાદિકને નિમિત્ત છે તેથી તેમને તો,** એટલે યોગ-ઉપયોગને તો, ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય. પરંતુ, આહા! આત્માને તો તેમનો કર્તા ન કહેવાય. નિમિત્તકર્તા ન કહેવાય. આત્માને સંસાર અવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય. એ પણ વિશેષઅપેક્ષાએ કર્તા છે. જો નિશ્ચયથી એ એનો કર્તા બને તો નિમિત્તકર્તા બની

જાય. ઝીણી વાત છે.

યોગ-ઉપયોગનો કર્તા જો આત્મા ઉપાદાનથી, નિશ્ચયથી જો બની જાય, તો તો આત્મા નિમિત્તકર્તા ઓને થઈ જાય. પણ ઓને નિમિત્તકર્તા નથી કારણ કે આત્મા એ યોગ-ઉપયોગથી એટલો જુદો રહે છે. એને કર્તા કહ્યો પણ વિશેષઅપેક્ષાએ કર્તા થાય છે. સામાન્યઅપેક્ષાએ અકર્તા રહીને વિશેષઅપેક્ષાએ એક સમય પૂરતો પર્યાયનો કર્તા પર્યાય બને છે. એને અશુધ્ધ ક્ષણિક ઉપાદાન કહેવામાં આવે છે.

**અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું.** હવે ભાવાર્થકર્તા જયચંદ પંડિત તાત્પર્ય કહે છે. **દ્રવ્યદષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી; પરંતુ પર્યાયદષ્ટિથી** એટલે અજ્ઞાનદષ્ટિથી **કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે,** જુઓ! ઓલો કદાચિત્‌નો અર્થ કર્યો, **કોઈ વખતે કોઈ અન્યદ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે. તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્યદ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે, અન્યના પરિણામનું અન્યદ્રવ્ય કર્તા નથી.** એ પણ અજ્ઞાનભાવે પોતાના પરિણામને કરે છે પણ જ્ઞાનભાવે તો એ જાણે છે કે કર્તા એ બનતો નથી. યોગ-ઉપયોગનો કર્તા બનતો નથી. આહાહા!

હું નિમિત્તકર્તા નથી એમ જો જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડે તો યોગ-ઉપયોગ પલ્ટી જાય શુધ્ધોપયોગ થઈ જાય. અને કર્તા છું હું, કર્તા બીજો છે ને માને કે હું કર્તા એનું નામ અજ્ઞાન છે. કર્તા યોગ-ઉપયોગ છે અને હું કર્તા એટલે એકત્વ કરી નાખ્યું. યોગ-ઉપયોગની સાથે જ્ઞાયકનું એકત્વ કર્યું એ અજ્ઞાન થઈ ગયું. એ વિભકત કરે કે આત્મા કર્તા નથી, નિમિત્તકર્તા. યોગ-ઉપયોગ એક સમયનો છે. એ નિમિત્તકર્તા થાય છે એટલે દૃષ્ટિ પલટે છે ત્યારે એ જ્ઞાતા બની જાય છે તો નિમિત્તકર્તાનો પણ વ્યવહાર આવતો નથી.

કેમ કે શુધ્ધોપયોગ થાય તો શુધ્ધોપયોગ નવા કર્મમાં બંધમાં કારણ ન થાય તો નિર્જરામાં કારણ થાય. જ્ઞાનીનો શુધ્ધોપયોગ થયો એ કાંઈ કર્મબંધમાં નિમિત્ત ન થાય. એ તો નિર્જરામાં નિમિત્ત થાય છે. એમ સમ્યગ્દર્શન થયા પછી એને પર્યાયઅપેક્ષાએ નિમિત્તકર્તા નથી. દ્રવ્યઅપેક્ષાએ તો ત્રણેકાળમાં નિમિત્તકર્તા નથી પણ પર્યાયઅપેક્ષાએ અજ્ઞાની હતો ત્યાં સુધી તે નિમિત્તકર્તા કહેવાતો હતો. પછી તો ઉપચાર પણ લાગુ પડતો નથી. કેમ કે કર્મના બંધમાં જ્ઞાનીના ભાવો નિમિત્ત નથી. એ તો નિર્જરામાં નિમિત્ત થાય છે. જૂના કર્મની નિર્જરા થાય છે. એવી અદ્‌ભૂત ગાથા ૧૦૦ નંબરની છે. થઈ ગયો વખત. લ્યો!

મુમુક્ષુ :- એક પ્રશ્નમાંથી બીજો અને બીજામાંથી ત્રીજો. આસ્રવતત્ત્વની ભિન્નતા ખ્યાલ આવી જાય એ મુખ્ય છે.

ઉત્તર :- ખ્યાલ લેવા જેવો છે. ખ્યાલ લેવા જેવો છે.

જેવી રીતે કોઈ લેબોરેટરીમાં લોહી-બ્લડ ટેસ્ટ કરવા મોકલે તો એ લેબોરેટરીવાળો એકોએક રજકણના જુદા તાણાવાણા કરીને રીપોર્ટ આપે. હં! એમ જ્ઞાનરૂપી લેબોરેટરી બધાની પાસે છે. જ્ઞાનરૂપી લેબોરેટરી છે, હોં! જ્ઞાનરૂપી લેબોરેટરી બધાની પાસે છે. હવે એના લક્ષણ દ્વારા એ જુદા કરવા મંડે કે રાગનું લક્ષણ આકુળતા છે, જ્ઞાનનું લક્ષણ જાણવું છે, જ્ઞાયકનું લક્ષણ શક્તિરૂપ જાણવું છે. એમ ચારે બાજુનો લેબોરેટરીમાં, જ્ઞાનની લેબોરેટરીમાં લક્ષણભેદે ભેદ કરે, ભેદજ્ઞાન કરે તો આત્મદર્શન થયા વિના રહેતું નથી. પણ ટાઈમ કાઢવો જોઈએ એની પાછળ થોડોક. અને પોતા માટે કાઢવાનો છે. બીજા માટે તો કાઢવાનો છે નહીં. શેઠી આજ ગયા ન હોત તો તેને મજા આવત.

બોલો પરમ ઉપકારી શ્રી સદ્ગુરુદેવનો જય હો. જિનવાણી સ્તુતિ બોલો.

卐